PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૬/કવા–૦૨/૧૭–૧૮/ ૮૮૪૯ તા. ११-१०-१७

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વાલજીભાઈ ઉકાભાઈ દોંગા,
ગામ: સુવરડા
તા. જામનગર,
જી. જામનગર
મો: ૯૯૨૫૩ ૫૪૨૫૭

વિષય :–બળેલ ટ્રાન્સફોર્મર બદલવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૬/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૬/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીગઃ તા. ૦૬–૧૦–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ વાલજીભાઈ ઉકાભાઈ દોંગા, ગામઃ સુવરડા

રજુઆત કરનારઃ અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)

રજુઆત કરનાર :એન.એફ.દોશી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)

## : હુકમ :

ફરીયાદ : બળેલ ટ્રાન્સફોર્મર બદલવા બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ના ખેતીવાડી વીજજોડાણ વાલજીભાઈ ઉકાભાઈ દોંગા ના નામે ધરાવે છે. તેઆનુ ખેતીવાડી વીજજોડાણ માટે નુ ટ્રાન્સફોર્મર તા.૦૫–૦૯–૧૭ ના રોજ ફેઈલ થયેલ હોય, તે ટ્રાન્સફોર્મર ને બદલવા માટે ની રજુઆત સબંધક પેટા વિભાગીય કચેરી મા કરેલ હોવા છતા, આજદિન સુધી ટ્રાન્સફોર્મર બદલાવેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી વાલજીભાઈ ઉકાભાઈ દોંગા ના ના ખેતીવાડી વીજજોડાણ માટે ના તા.૦૫–૦૯–૧૭ ના રોજ ફેઈલ થયેલ ટ્રાન્સફોર્મર ને બદલાવવાની અરજી ના અનુસંધાને – વરસાદી વાતાવરણ તેમજ તે જ વિસ્તાર મા, વીજળી પડવાથી વધુ ટ્રાન્સફોર્મર ફેઈલ થયેલ હોવાથી, તેમજ ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર ની ઘટ હોવાના કારણોસર, સદર ફરીયાદી અરજદાર ની ટ્રાન્સફોર્મર બદલાવવાની કાર્યવાહી – પીજીવીસીએલ પક્ષકાર તરફથી તા.૧૮–૦૯–૧૭ ના રોજ થોડા વિલંબ બાદ થયેલ છે. તેમજ, અરજદાર શ્રી ની લેખીત રજુઆત તા.૦૩–૧૦–૧૭ મુજબ સબંધક પીજીવીસીએલ ની કચેરી ને જણાવેલ કે, બળી ગયેલ ટ્રાન્સફોર્મર પીજીવીસીએલ તરફથી તા.૧૮–૦૯–૧૭ ના રોજ બદલાવી આપેલ હોય, આ અંગે ની અરજદાર શ્રી ની ફરીયાદ નુ સુખઃદ નિરાકરણ કરાયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નુ ક્ષતિગ્રસ્ત થયેલ ટ્રાન્સફોર્મર પીજીવીસીએલ તરફથી તા.૧૮–૦૯–૧૭ ના રોજ બદલાવી આપી અને , અરજદાર શ્રી ના તા.૦૩–૧૦–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદ્દા નં.-૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.